# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૬ | ૨૦૨૨ : જૂન

અંક : ૦૬ | માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

***શ્રી જગતભાઈ એચ. દવે***

*૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,*

*વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪*



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

**૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮**

**મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭**

**કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ

૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

## વિશિષ્ટ સહાય ફંડ

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વર્ષોથી વિધવા સહાય યોજનાનું સફળ સંચાલન કરે છે. રૂ. ૧૮૦/– થી વધીને પ્રતિમાસ રૂ. ૨૦૦૦/– ઓગષ્ટ–૨૨થી આપવાનું નક્કી કરેલ છે. છેલ્લા ૫૦ વર્ષથી આ વિશિષ્ટ સહાય ફંડમાં આપણે રૂ. ૧૫૫૧/– લઈ વિશિષ્ટ સહાય પેટે રકમ આપતા હતા. સંસ્થા દ્વારા આ રકમ લઈ જે–તે વ્યક્તિના કુટુંબીજનોના એક પેજની મર્યાદામાં જીવન ઝરમર છાપતા હતા. હાલના સંજોગોમાં વધતી જતી મોંઘવારી, વધતા જતાં કાગળના ભાવને ધ્યાનમાં રાખી પ્રત્યેક પેજ દીઠ અંદાજિત રૂ. ૬૦૦/– પ્રિન્ટીંગના થાય છે. આવા સંજોગોમાં તા. ૦૧–૦૭–૨૦૨૨થી વિશિષ્ટ સહાય ફંડમાં જેને પત્રિકામાં જીવન ઝરમર છપાવવી હોય એવા જ્ઞાતિજનોએ રૂ. ૨૫૦૦/– આપવાના રહેશે. જીવન ઝરમરના છપાવવી હોય તેવા જ્ઞાતિજનોને રૂ. ૫૦૧/– થી વધારે મળેલ દાનની નોંધ લેવામાં આવશે. આવા સંજોગોમાં જ્ઞાતિ સમાજને સહકાર આપી યોગ્ય કરશો.

આપ સૌ દાતાઓના દાનની રકમને ફીક્સ ડીપોઝીટ તરીકે મુકવામાં આવે છે જેના વ્યાજમાંથી જ આ સહાય ચુકવવામાં આવે છે. જેથી વર્ષા પર્યંત આ રકમ મળતી રહે. દાતાઓના દાનથી, દાતાઓ વડે સંસ્થા સદ્ધર થતી જાય છે અને વિધવા સહાય યોજનામાં રકમ વધારાના પ્રયત્નો કરવામાં આવે છે. આ તબક્કે સંસ્થા સૌ દાતાઓ પ્રત્યે અહેસાનની લાગણી અનુભવે છે અને આવો જ સહકાર મળતો રહે છે તેવી અપેક્ષા રાખે છે.

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન ફરી એક વખત શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના સૌજન્યથી યોજનાર છે. આ પત્રિકા જ્યારે આપના હાથમાં આવશે ત્યારે અધિવેશન સ્થળ અને તારીખ નક્કી થઈ ગઈ હશે. જે આવતી પત્રિકામાં આપવામાં આવશે. ૧૭માં અધિવેશનથી અધિવેશનોની વણથંભી વણઝાર ચાલી રહી છે છેલ્લાં ૨ વર્ષથી કોરાના મહામારીના કારણે આપણે અધિવેશનો યોજી શક્યા નથી. અમને જણાવતા આનંદ થાય છે કે આ અધિવેશન (મેળાવડા) યોજી અધિવેશનની આવકમાંથી ખર્ચ બાદ કરી વધતી રકમો હિતવર્ધક સભામાં પણ જાય છે. આવા સંજોગોમાં આપણે માતબર રકમ ભેગી કરી ઉત્તરોત્તર વિશિષ્ટ સહાય ફંડ વધારી શક્યા છીએ.

આ તબક્કે આ અધિવેશનમાં દાતાઓ તરફથી પૂરેપૂરા સૌજન્ય આપણને મળી ચૂક્યા છે. હવે પછી મુખ્ય મહેમાન રૂ. ૨૧૦૦૦/– થી રૂ. ૨૫૦૦૦/–, અતિથિ વિશેષશ્રીઓ માટે રૂ. ૧૧૦૦૦/–ની મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. અધિવેશન દરમ્યાન મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષશ્રીઓને અધિવેશન સમયે ડાયસ પર સ્થાન આપી સ્વાગત તથા સન્માન કરવામાં આવે છે. સંસ્થાઓ દ્વારા સ્મૃતિ ભેટો પણ આપવામાં આવે છે. આપશ્રી આ કાર્યમાં જોડાઈ સંસ્થાને મદદરૂપ થવા માટે યોગ્ય કરશો. અધિવેશન અંગે તમામ માહિતી મેળવવા માટે હિતવર્ધક સભાના પ્રમુખ તથા બાજખેડાવાળ મંડળ આણંદના પ્રમુખ શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવેનો સંપર્ક (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ ૨૪ x ૭ કરી શકો છો. અમે અપેક્ષા રાખીએ કે વધુમાં વધુ દાન મેળવી હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાયમાં વધારો કરી શકીએ.

**કિરીટકુમાર એમ. દવે**
**પ્રમુખશ્રી**

**સમીરભાઈ એસ. દવે**
**મંત્રીશ્રી**

## તંત્રી લેખ...

*દરરોજ સવારે ઊગતો સૂર્ય સંદેશ આપે છે કે સાંજે તો આથમવાનું જ છે. સાગર સંદેશ આપે છે કે ભરતી આવે તો પછી ઓટ પણ આવશે.*

*સવારે ખીલેલું ફૂલ કહે છે કે સાંજે કરમાઈ જવાનું છે. આકાશનો ચંદ્ર કહે છે તે પૂનમ અને અમાસનું પુનરાવર્તન થયા જ કરશે. માનવ જીવનમાં આવું જ પુનરાવર્તન ચાલ્યા કરે છે. ગીતામાં ભગવાન કહે છે*

*જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।*

*જન્મેલાનું મૃત્યુ અને મરેલાનો જન્મ નક્કી છે. જન્મ અને મૃત્યુ વચ્ચેની જે રેખા છે તે જીવન છે. જન્મ અને મૃત્યુ ઈશ્વરને હાથ છે પરંતુ જીવન આપણને સોંપેલું છે, આપણને ઈચ્છા શક્તિની અમૂલ્ય ભેટ આપી છે, તેથી આપણે નક્કી કરેલું – આપણી પસંદગી* (Choice) *નું જીવન જીવી શકીએ. તે આપણા હાથની વાત છે તે માટે* ABCD *ખૂબ સુંદર શીખ આપે છે.*

B *એટલે* BIRTH

D *એટલે* DEATH

*તેમાં વચ્ચે* C *આવે છે, અર્થાત્* CHOICE *એટલે આપણી પસંદગીનું જીવન.*

*જીવન બદલવું એટલે* ABCD *નો અર્થ બદલી જીવનમાં નવો અર્થ ઉમેરવો.*

A *એટલે* Aim, Ambition *જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખો.*

B *એટલે* Beautiful *સુંદર જીવન – પ્રેમાળ હૃદય, શુદ્ધ મન અને સાત્વિક બુદ્ધિથી જીવન સુંદર બનાવો.*

C *એટલે* Character *ચરિત્ર ઉચ્ચ, ભવ્ય અને દિવ્ય બનાવો.*

D *એટલે* Duty, Devotion and Discipline *કર્તવ્ય, ભક્તિ અને શિસ્તથી જીવન એવું મધુર અને સુંદર બનાવો કે મૃત્યુ વખતે કોઈ ડર ન રહે, મૃત્યુ મંગલ બની જાય અને ભગવાન આપણી રાહ જોતા હોય. ગીતા કહે છે : નિસ્રૈગુણ્યો નિદ્ર્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ભવ અર્જુન ॥ હે અર્જુન ! તું ત્રણ ગુણરહિત, સુખ દુઃખ આદિ દ્વન્દ્વ વિનાનો, નિત્ય ધૈર્યવાન, યોગક્ષેમની ચિંતા રહીત આત્મનિષ્ઠ થા. તું દેવી સંપતિ લઈને મહાન કાર્ય કરવા માટે જન્મ્યો છું. ઊઠ ઊભો થા, ઉત્તિષ્ઠ કૌંતેય !*

*તેથી ગીતાનો સ્વાધ્યાય કરતાં કરતાં ગીતા જીવનમાં લાવવાની ખૂબ જ આવશ્યકતા છે, તેના વિના કોઈ ઉચ્ચ ધ્યેય ક્યાંથી મળશે ?*

*આપનો સમય શુભ રહે તેવી પ્રાર્થના.*

*કૃષ્ણ વંન્દે જગદ્‌ગુરુમ્ । તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥*

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા



**જ્ઞાતિ ગૌરવ - ડૉ. વૃન્દા સુપ્રીતકુમાર ભટ્ટ**

મૂળ ઉમરેઠના વતની રતિલાલ મગનલાલ ઢગટના પુત્ર હાલ અમદાવાદ નિવાસી શ્રી મહેશકુમાર રતિલાલ ઢગટના સુપુત્રી ડૉ. વૃન્દા સુપ્રીતકુમાર ભટ્ટ M.S. Obs. Gynaec ની નવી અદ્યતન હોસ્પીટલ

આર્યા વુમન્સ હોસ્પીટલ
૩૧૦/૧૧, નોબલ્સ ટ્રેન્ડ સેન્ટર, બી. ડી. રાવ હોલ સામે,
ભૂયંગદેવ ક્રોસ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ ફોન-૯૫૩૭૫૧૫૧૬૩

પ્રથમ સફળ વર્ષ નિમિત્તે બાજખેડાવાળ પત્રિકાને ભેટ તરીકે આપેલ છે.

બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ ડૉ. વૃન્દાબેનની આ સિદ્ધિઓ બદલ તેમને અભિનંદન પાઠવે છે તેમજ ગૌરવ અનુભવે છે. ડૉ. વૃન્દાબેન દ્વારા તેમની હોસ્પીટલ પર વિઝીટ કરવા જતાં જ્ઞાતિબંધુઓને વિશિષ લાભ આપવામાં આવશે તેવી નોંધ લેવી.

**મહેશકુમાર રતિલાલ ઢગટ પરિવાર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. ભાનુમતીબેન ચંદ્રશંકર ઠાકર

જન્મ તા. ૨૯-૧૧-૧૯૩૫ અવસાન તા. ૧૬-૦૭-૨૦૧૭

સ્વ. ભાનુમતી ચંદ્રશંકર ઠાકરની સ્મૃતિ રૂપે તેઓના કુટુંબીજનો તરફથી ભેટ

શ્રદ્ધાજલી સહ વંદન

**ચંદ્રશંકર જયશંકર ઠાકર**

**મયંક ચંદ્રશંકર ઠાકર** — **કાશ્મીરા નિતેષકુમાર શુકલ**

**સ્વ. હેમંત ચંદ્રશંકર ઠાકર** — **કરણ હેમંતકુમાર ઠાકર**

**વિજય ચંદ્રશંકર ઠાકર**

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

જ્ઞાતિજનો માટે ખુશખબર

હાથ, પગ, ગરદન, કમર તથા મણકાના દુખાવા સાઈટીકાનો (રાઝણ) દુખાવોના સ્પેશ્યાલીસ્ટ વૈદ્ય જગદીશભાઈ, ડભાસા (પાદરા) સ્થિત હવે દરે સોમવારે બાજખેડાવાળ છાત્રાલય નાના બજાર, વલ્લભવિદ્યાનગર ખાતે આવે છે. સમય સવારના ૧૦.૦૦ થી પેશન્ટ હોય ત્યાં સુધી. એક સીટીંગનો ચાર્જ રૂ. ૨૦૦/– લે છે. તો ઉપરોક્ત દર્દના દર્દીઓએ આ લાભ લેવો.

તેઓ ડભાસા મુકામે સોમવાર અને શુક્રવાર સિવાય નિયમિત મળે જ છે પરંતુ અનેકવાર વિનંતીઓ બાદ તેઓશ્રી વિદ્યાનગર ખાતે આવવા માટેની ઈચ્છા ધરાવેલ છે. આ અમૂલ્ય લાભ લેવા નમ્ર વિનંતી.

(ડભાસા જવા માટે – રૂ. ૧૦૦૦ થી ૧૨૦૦નું પેટ્રોલ બાળવું પડે અથવા બે બસ બદલીને પહોંચાય છે આ ઘર આંગણે ગંગા છે તેનો લાભ લેવા વિનંતી.)

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**પ્રણવકુમાર જોષી** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**૨૮મો હોમાત્મક લઘુરૂદ્ર**

શ્રાવણ વદ–૧૦ને તા. ૨૧–૦૮–૨૦૨૨ને રવિવારના રોજ શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના ઉપક્રમે ૨૮મો હોમાત્મક લઘુરૂદ્ર યોજાનાર છે. મુખ્ય યજમાન રૂ. ૬૦૦૦/–, સહ યજમાન રૂ. ૩૦૦૦/– વહેલા તે પહેલા ના ધોરણે નામ નોંધવામાં આવશે.

યજમાન સહપત્ની બે જણને નાસ્તા તથા ભોજન પાસ ફ્રી આપવામાં આવશે. ત્યારબાદ પ્રત્યેક વ્યક્તિદીઠ નાસ્તાના રૂ. ૪૦/– અને ભોજનના રૂ. ૧૮૦/– આપવાના રહેશે. વધારાના પાસ લેવા ફરજીયાત નથી. બપોરના ભોજનનું જ આયોજન કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.

ખાસ નોંધ – યજમાનો એ લાવવાની વસ્તુઓ – આચમની, તરભાણું, લોટો, પ્યાલો, આસન, નેપકીન તથા યજમાનના ઘરે નિયમિત પુજન થતા શિવલિંગને સાથે લાવવું.

યજ્ઞની શરૂઆત સવારે ૯.૦૦ કલાક થી બપોરે ૧૨.૦૦ કલાક, ૧૨.૦૦ કલાક થી ૧.૦૦

કલાક વિરામ, પૂર્ણાહૂતિ સાંજે ૬.૦૦ કલાકે. વહેલા તે પહેલાના ધોરણે આપના નામ તથા રકમ ભરી ભોજન પાસ મેળવી લેવા. નામ નોંધાવવા તથા પાસ મેળવવા માટે બાજખેડાવાળ છાત્રાલય, નાના બજાર, વલ્લભવિદ્યાનગર ખાતે ઉપરના નંબર પર સંપર્ક કરી આવવું. જેથી આપના ધક્કો પડે નહીં.

**૧૦મો સિનીયર સીટીઝન સન્માન સમારંભ**

જય ભારત સાથે જણાવવાનું કે શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા સિનીયર સીટીઝન સન્માન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. ૩૧–૦૯–૨૦૨૨ના રોજ જેને ૬૦ વર્ષ પુરા થયા હોય તેવા જ્ઞાતિજનોએ આ ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ ભરવાની છેલ્લા તા.૨૫–૦૯–૨૦૨૨ રહેશે. અગાઉ જેનું સન્માન થઈ ગયેલ હોય તેવા લોકોએ આ ફોર્મ ભરવાનું નથી. ફોર્મ સંસ્થાની ઓફિસેથી મળશે. ફોર્મ સાથે એક ફોટોગ્રાફ આપવાનો રહેશે.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુનભાઈ ઠાકર**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરીક મંડળ – નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવની બાજુમાં, નડીયાદ–૩૮૭૦૦૧, જી. ખેડા

ફોન ૦૨૬૮–૨૫૬૬૩૮૪

**અઢારમો સ્થાપના દિવસ**

સ્થાપના દિવસ ૦૫–૦૫–૨૦૨૨ની ઉજવણી તા. ૩૦–૦૫–૨૦૨૨ના રોજ બાજખેડાવાળ હોલમાં યોજાઈ અને ૧૮માં વર્ષમાં મંગલ પ્રવેશે બધા સભ્યોએ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો. પ્રમુખશ્રી મનહરભાઈ દવેએ સર્વ સભ્યોનું અને મહેમાનોનું સ્વાગત કર્યું. બીજી વખત તેમને પ્રમુખ તરીકે સ્વીકારી જવાબદારી અને તને મને ધને સહયોગ આપવા. બદલ સૌનો આભાર માન્યો હતો. મહામંત્રી શ્રી નલીનભાઈ દવે ગત મીટીંગની મીનીટ્સ વાંચી હતી જે બધાએ પસાર કરી હતી. પ્રાર્થના શ્રીમતી લીલાવતીબેન મહેતાએ ગાઈ હતી.

ત્યારબાદ વિસામો સન્માનના કાર્યક્રમમાં વડીલશ્રી રાજેન્દ્રભાઈ દવે તથા વડીલ ગં.સ્વ. નિર્મળાબેન દવેનું સન્માન શાલ ઓઢાડી પૂર્વપ્રમુખો દ્વારા કરવામાં આવ્યું.

ત્યારબાદ પૂર્વ પ્રમુખ અને અધ્યક્ષ કોકીલાબેન જોષીનું અને રમેશભાઈનું સન્માન મહામંત્રી શ્રી દિપકભાઈ દેસાઈ, મનહરભાઈ દવે અને નલીલભાઈ કરેલ.

ત્યારબાદ મંચસ્થ તમામ સભ્યોએ ૧૮માં વર્ષની મંગળ પ્રસંગે પ્રકાશીત સ્મરણીકા અને સભ્યની યાદી પૂસ્તકનું અનાવરણ કર્યું હતું.

ત્યારબાદ બાજખેડાવાળ સમાજના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ જોષીનું સ્વાગત સન્માન

પ્રમુખશ્રી મનહરભાઈ દવેએ કરેલ જે તમામ સભ્યોએ આનંદથી વધાવી લીધેલ. ત્યારબાદ જન્મદિન ભેટ વહેંચી સભ્યોનું ગીત ગાઈને અભિવાદન કરેલ. ગીત ભાવનાબેન ઠાકર અને અંજનાબેન દવેએ ગાયેલ. ત્યારબાદ કોરોનાકાળમાં જે સભ્યો ભોગ બન્યા તેમને મહામંત્રીશ્રી દિપકભાઈએ શ્રદ્ધાંજલી આપી બે મિનીટ માતૃપ્રાર્થના કરાવેલ.

ત્યારબાદ સહમંત્રી જયેશભાઈ શેલતે આભારવિધિ કરેલ સૌ સભ્યોએ સમુહ ભોજનમાં ભાગ લઈ આનંદથી છૂટા પડ્યા હતા.

ભોજન વ્યવસ્થા શ્રી મનોજભાઈ અને ખજાનચી શ્રી કિર્તીભાઈ સરસ રીતે કરેલ

**મનહરભાઈ દવે** — **નલીનભાઈ દવે**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ, ઉમરેઠ

જય મહાદેવ સાથે જણાવતા આનંદ થાય છે કે શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ ઉમરેઠ દ્વારા આ વર્ષે ઉમરેઠમાં રહેતા અને ભણતા બાળકોને મંડળ દ્વારા તથા સ્વ. લવકુમાર અરૂણકુમાર ઠાકરના સ્મરણાર્થે હસ્તે શ્રી શીલાબેન એ. ઠાકર તથા ભરતભાઈ સી. ઠાકરના સહયોગથી સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવે છે. અંદાજે ૮૦ થી ૯૦ બાળકોને આ સ્કુલ બેગનું વિતરણ કરલે છે.

વિશેષમાં શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ ઉમરેઠ દ્વારા તા. ૨૧-૦૮-૨૨ને શ્રાવણ વદ-૧૦ના રોજ લઘુરૂદ્રનું આયોજન કરેલ છે. જેમાં મુખ્ય યજમાન હિંમતનગર નિવાસ રાજુભાઈ વસંતભાઈ ભટ્ટના યજમાનપદે આયોજન કરેલ છે. તેમજ ભાદરવા સુદ-૮ને તા. ૪-૯-૨૨ના રોજ ગણેશ યાગનું પઠન આયોજન કરેલ છે. જેના મુખ્ય યજમાન થઈ ગયેલ છે. તો ઉપરોક્ત બંને પ્રસંગે બાજખેડાવાળ જ્ઞાતિના વડીલ-ભાઈ બહેનોને દર્શનનું શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ દ્વારા આમંત્રણ પાઠવામાં આવે છે. તેમજ શ્રી હંસાબેન ચીમનલાલ પંડ્યા તરફથી શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ ઉમરેઠ દ્વારા અંતિમ ક્રિયા માટે લાકડા પેટે રોકડા રકમ આપવામાં આવે છે. તેમાં શ્રી હંસાબેન ચીમનલાલ પંડ્યા તરફથી રૂ. ૨૧૦૦/-નું દાન મળેલ છે. તે બદલ આ મંડળ તેમનો આભાર માને છે.

**ભરતકુમાર ઠાકર** — **શશીકાન્ત રાજારામ પંડ્યા**

**પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન - ૦૨૬૯૨-૨૪૪૨૧૨

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા તા. ૧૪-૭-૨૨ના ગુરૂવારના રોજ ગૌરીવ્રત નિમિત્તે બાલિકાઓ માટે હરિફાઈ રમતોત્સવ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમને

સફળ બનાવવા બાલિકાઓ સાથે સભ્ય બહેનોએ (વાલીઓએ) હાજર રહેવું તથા ધોરણ–૧૦, ૧૨, ગ્રેજ્યુએશન તથા માસ્ટર ડીગ્રી નવા વર્ષની (લેટેસ્ટ) માર્કશીટ જે બહેનો નવા સભ્ય બનેલ હોય તેમની દીકરીઓની હોય તો મહિલા મંડળને મોકલી દેવી (પહોંચતી કરવી)

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળના ખજાનચી શ્રીમતી સ્મિતાબેન બી. પંડ્યા તેઓ કેનેડા જવાના હોવાથી ખજાનચીની પોસ્ટમાંથી નિવૃત્ત થયેલ છે. જેમના કાર્યની પ્રસંશાથી મંડળની બહેનોએ તેમને શુભેચ્છા પાઠવી સન્માન કરવામાં આવ્યું તથા નવા ખજાનચી સુમિત્રાબેન યુ. ઠાકરની નિમણુંક કરેલ.

**મીનાબેન જોષી** — **પ્રમુખ**

**પાયલબેન પી. દવે** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

### અન્નપૂર્ણા સહાય યોજના

આ યોજના અંતર્ગત શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ડાકોર–ઉમરેઠ સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી દાન–ફંડ મળતું રહે છે આ મહિને તેની યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી વિજયભાઈ કેશવલાલ પંડ્યા રૂ. ૧૧૦૦૦/– (૨) શ્રી હિતેષભાઈ જગદીશભાઈ શેલત શ્રી સુલોચનાબેન શેલતના સ્મરણાર્થે રૂ. ૧૦૦૦/– (૩) શ્રી નયનાબેન ગુણવંતલાલ દવે રૂ. ૧૦૦૧/– (૪) શ્રી જયશ્રીબેન ગોપાલભાઈ મહેતા રૂ. ૧૦૦૧/– (૫) શ્રી રૂચીરાબેન નલીનકાંતભાઈ દવે હસ્તે પ્રશાંતભાઈ દવે રૂ. ૫૦૦૦/–, અન્ય ભેટ (૬) શ્રી પ્રકાશભાઈ પંડ્યા રૂ. ૧૦૦૧/– (૭) શ્રી પ્રેક્ષાબેન જયભાઈ દવે (પ્રથમ ઈનામના દાતાશ્રી) પ્રેમશંકર જોષીના સ્મરણાર્થે – મુંબઈ રૂ. ૫૦૦૦/– (૮) શ્રી રૂદ્રદત્તભાઈ શેલત રૂ. ૧૧૦૦૦/– (૯) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૬૦૦૦/–

### ડાન્સ કોમ્પીટીશન

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા તા. ૫–૬–૨૦૨૨ના રવિવારના રોજ પુનિતાશ્રમ ખાતે દર વર્ષની જેમ જ ડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવેલ હતી. આ કોમ્પીટીશનમાં ૫૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જ્ઞાતિનાં ડાન્સના ખૂબ જ ટેલેન્ટેડ બાળકો યુવક–યુવતી અને મહિલાઓએ પોતાનું ટેલેન્ટ પરફોરમન્સ ખૂબ જ સુંદર રીતે રજુ કરેલ. સૌએ તેમના ડાન્સ ખૂબ જ રસપૂર્વક નીહાળ્યા અને માણ્યા. જ્ઞાતિના અન્ય શહેરોમાંથી આવેલા સ્પર્ધકોએ આ સ્પર્ધા ખૂબ જ મનભરીને માણી હતી. સવારનું જમવાનું, બપોરે ચા–કોફી તથા સાંજનું જમણ

સૌ જ્ઞાતિજનોએ માણ્યું. આ કોમ્પીટીશનના જજ તરીકે જ્ઞાતિની જ દીકરી જે કલાસીકલ ડાન્સનો માસ્ટર ડીગ્રી ધરાવે છે. તેવા શ્રી કુમારી ધારણા મુકેશભાઈ ઠાકરે પોતાની સેવા અને જજમેન્ટ ખૂબ જ સુંદર રીતે, તટસ્થ રીતે આપેલ. સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર માને છે. સમગ્ર ડાન્સ કોમ્પીટીશનનું એન્કરીંગ શ્રી હીમાંશુભાઈ ભટ્ટ દ્વારા દર વખતની જેમ જ ખૂબ જ સુંદર રીતે, સૌને પોતાની જગ્યા પર જકડી રાખે તેવી રીતે કરવામાં આવ્યું. બપોરે બે વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી સતત પાંચ કલાક સુધી શ્રી હીમાંશુભાઈ દ્વારા કાર્યક્રમનું એન્કરીંગ કરવામાં આવેલ. અમો શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ તેઓશ્રીનો ખૂબ જ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ ઉપરાંત તા. ૨૨-૫-૨૦૨૨ને રવિવારના રોજ અમારી સંસ્થા દ્વારા વિવિધ હરીફાઈઓ જેવી કે વાનગી હરિફાઈ, રંગોળી હરીફાઈ, મહેંદી હરીફાઈ, શ્લોક સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથ ક્વીઝ કોન્ટેસ્ટ પુનીતાશ્રમ ખાતે યોજવામાં આવેલ. જેમાં ૭૩ જેટલા સ્પર્ધકો જેના બાળકો, યુવક-યુવતીઓ તથા મહિલાઓએ ભાગ લીધો હતો. દરેક સ્પર્ધા ખૂબ જ સુંદર રીતે યોજવામાં આવી હતી. જેમાં વાનગી હરીફાઈના જજ તરીકે જ્ઞાતિની દીકરી કું. વૈભવીબેન ઠાકર પોતાની સેવા આપી હતી અને સુંદર જજમેન્ટ આપેલું. વાનગી વિષે સુંદર અને ઉપયોગી ટીપ્સ-માહિતી આપેલ હતી. કુમારી વૈભવીબેન તથા તેમના માતૃશ્રીનો ખૂબ ખૂબ આભાર.

આ ઉપરાંત ડ્રોઈંગ, શ્લોક તથા મહેંદી-રંગોળી માટે શ્રીમતી યોગીનીબેન તથા મનહરભાઈ જેઓ અનુક્રમે સંસ્કૃત તથા આર્ટ્સ ટીચર (સી.એન. વિદ્યાલય)ના હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ રહેલા તેઓશ્રીએ આ સેવા બજાવીને ખૂબ જ તટસ્થ રીતે જજમેન્ટ આપીને બધાને ખુશ કરી દીધા હતા. સંસ્થા તેઓ બને પતિ-પત્નીનો ખૂબ ખૂબ આભારી છે. સ્પર્ધા બાદ સંસ્થા તરફથી નાસ્તો તથા ચા-કોફીનું આયોજન હતું. તેની લહેત સૌએ માણી હતી. બાદ સૌ છૂટા પડેલ. સંસ્થા જ્ઞાતિજનોનો ખૂબ આભાર માને છે.

**વર્કશોપ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી માસમાં તા. ૧૭-૭-૨૦૨૨ને રવિવારના રોજ બપોરે ૨ વાગ્યે ચોકલેટ, આઈસક્રીમ અને અન્ય વેરાયટીની ડીશો કુમારી વૈભવી ઠાકોર તથા નિધિબેન ભટ્ટ દ્વારા શીખવવામાં આવશે. આ વર્કશોપ જે બહેનોએ એટેન્ડ કરવો હોય તેમણે મંગલમ સ્ટોર, પુષ્પકુંજ બેલાબેન દેસાઈના નિવાસસ્થાને રૂપિયા ૨૫/- ભરીને પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવી દેવું. સ્થળ નામ નોંધાવી દીધા બાદ દરેકને મોબાઈલ દ્વારા જણાવવામાં આવશે.

| | |
|---|---|
| **મંત્રીશ્રી** | **પ્રમુખ** |
| **બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ** | **કલ્પનાબેન ખંભોળજા** |

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

ધી અમદાવાદ બાજખેડાવા એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી દ્વારા સંસ્થાના ૭૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે એચ. કે. હોલમાં નાટકનું આયોજન કરવામાં આવ્યું જેમાં હોલ ચીક્કાર ભરાઈ ગયેલ અને સર્વે જ્ઞાતિજનોએ નાટકનો આનંદ માણ્યો હતો સાથે સાથે સુંદર ભોજન બાદ નાટકની શુભ શરૂઆત કરવામાં આવી હતી. નાટકના અંતે જ્ઞાતિજનોએ નાટ્ય કલાકારો સાથે સેલ્ફી લઈને પણ ખુબ જ ઉત્સાહિત થયા હતા.

### નોટબુક પ્રોજેક્ટ તથા ફી વિતરણ ફોર્મ

તા. ૫–૬–૨૨ થી નોટબુક–ફુલસ્કેપ ચોપડા આપવાની શરૂઆત થયી છે ત્યારે જરૂરી એવા વિદ્યાર્થીઓનો ઘસારો નોટબુક લેવા જોવા મળી રહેલ છે. સાથે સાથે ધો. ૧ થી કોલેજમાં અભ્યાસ કરતા બાળકોને અપાતી ફી સહાય–ગણવેશ સહાયના ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયેલ છે. સ્કુલમાં એટલે કે ધો ૧ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકોએ ૩૧–૮–૨૨ સુધીમાં ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તારીખ જ્યારે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તા. ૩૦–૦૯–૨૦૨૨ સુધીમાં ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ છે. જેની નોંધ લેવી તો અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓએ આ ફોર્મ મેળવી સમયસર ભરી પરત કરવા.

### અન્નપૂર્ણા સહાય યોજના

રૂ. ૧૧૦૦૦/– સ્વ. સુમનબેન ઉમાકાન્તભાઈ જોષીના સ્મરણાર્થે હસ્તે શ્રી સુરેખાબેન અશ્વિનભાઈ દવે તરફથી, રૂ. ૧૧૦૦૧/– સ્વ. પ્રવિણાબન જીતેન્દ્રકુમાર ભટ્ટના સ્મરણાર્થએ હસ્તે શ્રી મેહુલ જે. ભટ્ટ તરફથી, રૂ. ૩૪૫૦/– સ્વ. ઈન્દ્રવદન ભલાશંકર ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી મીનાબેન ઈન્દ્રવદન ભહ્ટ તરફથી, રૂ. ૪૦૦૦/– શ્રી પરાગભઈ જનકકુમાર દવે તરફથી, રૂ. ૧૫૦૦૦/– સ્વ. રજનીકાંતભાઈ પરસોત્તમદાસ ઠાકરના સ્મરણાર્થે હસ્તે શ્રી ગં.સ્વ. ઈલાબેન રજનીકાંતભાઈ ઠાકર તરફથી, રૂ. ૨૦૦૦/– શ્રી બિપીનચંદ્ર ઠાકર તરફથી

### વિધવા–ત્યક્તા–વિધુર–સહાય

રૂ. ૨૫૦૦/– શ્રી હર્ષાબેન અશ્વિનભાઈ દવે તરફથી

### મેડીકલ સહાય (આરોગ્ય સહાય)

રૂ. ૨૫૦૦૦/– શ્રી સુરેશચંદ્ર મણીલાલ દવે તરફથી

કમલેશ જે. ભટ્ટ — પ્રમુખ

તરલ (રાકેશ) એમ. ભટ્ટ/હેતલકુમાર બી. ભટ્ટ — મંત્રી

## અનોખુ સેવા મંદિર અમદાવાદ ખાતે

અમો માનવ સેવા મંદિર, વિશ્રાતિ ગૃહ લાયન્સ દિગ્વિજય ફાઉન્ડેશનમાં અમદાવાદ રહેવા જમવા માટે સિવિલ હોસ્પિટલસ કીડની કેન્સર, યુ.એન. મહેતા કોઈપણ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓના સગાંને કોમ ટોયલેટ સાથે ૨૦/– પ્રતિ બેડ

૨ વ્યક્તિ x ૨૦/– = ૪૦/– રૂપિયામાં આપીએ છે.

અમારી પાસે ૨ બેડના કુલ ૭૭ રૂમો છે જે ફક્ત મા/વાત્સલ્ય કાર્ડવાળા મધ્યમવર્ગીય વ્યક્તિઓને આપીએ છે અને એટેચ ટોયલેટ સાથેના નવા ૧૪ માળના લક્ષુરિયસ ૨ બેડ ૨૪ રૂમો ૧૫૦/– નોન એ.સી. પ્રતિ બેડ કુલ રૂપિયા ૨ વ્યક્તિ x ૧૫૦ = ૩૦૦/–માં તથા

૩ બેડ કુલ ૧૩૦ રૂમો એ.સી. રૂમો

૩ વ્યક્તિ x ૨૦૦ = કુલ ૬૦૦/– રૂપિયામાં અને જો એસી ના લે તો ૩ વ્યક્તિ x ૧૫૦ = કુલ ૪૫૦/– રૂપિયામાં લાયન્સ દિગ્વિજય ફાઉન્ડેશનમાં રહેવા આપીએ છે.

આ જગ્યા સિવીલ હોસ્પિટલના ગેટ નંબર–૩ની સામે, અસારવા, અમદાવાદ આવેલી છે.

અન્નપૂર્ણા ભોજનાલયમાં રૂ. ૩૫/–માં અનલિમિટેડ જમવાની વ્યવસ્થા પણ કરેલ છે જેમાં રોજ સવારે અનલિમિટેડ રોટલી, ૧–શાક, ૧–કઠોળ, દાળ, ભાત, છાશ અને ફિક્સ૧ વાર મીઠાઈ આપીએ છે.

ક્યારેક કોઈ દાતા તરફથી ભોજન હોય તો વિના મૂલ્યે અનલિમિટેડ દુધપાક, પુરી, ગોટા અથવા કટલેશ (૧ ફરસાણ) ૨ શાક, ૧ કઠોળ, દાળ, ભાત, છાશ આપીએ છે. આપ સૌ આ જગ્યાનો રહેવા અને જમવા માટે અચુક લાભ લેશોજી.

રૂ. ૨૦નો રૂમ લેવા વેઈટીંગ લાંબુ હોવાથી અપને તકલીફ ન પડે એટલે જ્યારે સિવિલ આવવાનું હોય તો રૂમ બુક કરવા અગાઉથી વ્હોટસએપ કરી પેશન્ટનું નામ, જે સગા સંબંધી સાથે રોકવાના હોય તેમજ રૂ. ૨૦નો રૂમ લેવા માટે મા/વાત્સલ્ય કાર્ડનો ફોટો મોકલો અને જાણ કરશોજી.

અમો કોઈપણ જરૂરીયાત વ્યક્તિને રૂમ આપીએ છે જ્ઞાતિબાધ નથી. આપ સૌની સેવા કરવા હંમેશા તત્પર આભાર સહ.

માનવ સેવા મંદિર, વિશ્રાતિ ગૃહ અન્નપૂર્ણા ભોજનાલય, લાયન્સ દિગ્વિજય ફાઉન્ડેશના ટ્રસ્ટી શ્રી બકુભાઈ પંડ્યા

બીમાર હોય તો અવશ્ય એને આ મોકલવું કે જ્યારે અમદાવાદ ત્યારે તે આ નંબરથી લઈ જઈ શકે અને ઓછા ખર્ચમાં તે લોકોએ આ સારવાર કરાવી શકે કારણ કે મારી પાસે ઘણા બધા ફોન આવે છે અને જ્યારે સાવ ગરીબ માણસો છે તેને પોતાની જ્યારે અમદાવાદ જાય છે ત્યારે તેને રહેવા જમવાનો મોટો ખર્ચો થાય છે એ ખર્ચની બચવા માટે જે પણ તમારા સગાવહાલા હોય તેને આ પાસ કરો ધર્મષ્ઠા જોશી (૦૭૯)૨૨૮૬૭૯૨૦ (મો.) +૯૧–૯૪૨૯૯૨૨૫૬૭

## ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ

### (૧) શૈક્ષણિક અભ્યાસ લોન યોજના

રાજ્યમાં ચાલતા મેડીકલ, ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કીટેક્ચર, આયુર્વેદ, હોમીયોપેથી, વેટરનરી અને ફીઝીયોથેરાપી જેવા સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે રૂ. ૧૦ લાખ સુધીની લોન

### (૨) વિદેશ અભ્યાસ લોન યોજના

ધો–૧૨ પછી માત્ર એમ.બી.બી.એસ. માટે, સ્નાતક પછી અનુસ્નાતક માટે, અને રીચર્ચ જેવા ટેક્નીલક, પેરા મેડીકલ અને પ્રોફેશનલ પ્રકારના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખ સુધીની લોન

### (૩) કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના

ધો. ૧૨માં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે કોમર્શીયલ પાયલોટની તાલીમ યોજનામાં રૂ. ૨૫ લાખ સુધીની લોન

### (૪) ભોજન બિલ સહાય યોજના

બિન અનામત વર્ગના સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેક્નીકલ, પેરા મેડીકલ જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા સરકારી–અનુદાનિત છાત્રાલય સિવાયના છાત્રાલયમાં રહીને ભણતા વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે માસિક રૂપિયા ૧૫૦૦ લેખે ભોજન બિલ સહાય.

કોઈ પણ સમાજ / ટ્રસ્ટ / સંસ્થા દ્વારા સંચાલીત કન્યા છાત્રાલયોમાં રહીને ધોરણ ૯ થ ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને પણ ઉપર મુજબની ભોજન બીલ સહાય મળવા પાત્ર થશે.

### (૫) ટ્યુશન સહાય યોજના

ધો.૧૦માં ૭૦ ટકા હોય તેવા ટ્યુશનની કોચીંગ કલાસમાં ભણતા ધો. ૧૧, ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીને દર વર્ષ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦ સુધી ટ્યુશન પ્રોત્સાહક સહાય આપવામાં આવશે.

### (૬) JEE, GUJCET, NEET પરીક્ષા માટે કોચીંગ સહાય યોજના

ધો–૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડીકલ, એન્જીનીયરીંગના પ્રવેશ માટેની JEE, GuJCET, NEET જેવી પરીક્ષાઓની તૈયારી માટે ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થાઓમાં કોચીંગ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨૦૦૦૦ અથવા ખરેખર ચૂકવેલ ફી તે પૈકી જે ઓછું હોય તે કોચીંગ સહાય મળવા પાત્ર થશે. ધો.૧૦માં ૭૦ ટકા જરૂરી.

### (૭) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય યોજના

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને U.P.S.C., G.P.S.C. વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ તથા ભારત સરકારના રેલ્વે, બેંકો

વગેરેમાં થતી ભરતી પરીક્ષા માટે માન્ય સંસ્થાઓ દ્વારા તાલીમ માટે વિદ્યાર્થીને રૂ. ૨૦,૦૦૦ અથવા ખરેખર ચૂકવેલ ફી પૈકી જે ઓછુ હોય તે માત્ર એક વખત સહાય મળવા પાત્ર થશે.

**(૮) સ્વરોજગાર લક્ષી લોન યોજનાઓ**

(અ) વાહનો માટે રીક્ષા, લોડીંગ રીક્ષા, મારૂતિ ઈકો, જીપ, ટેક્સી જેવા વાહનો માટે ઓન રોડ યુનિટ કોસ્ટ લોન તરીકે મળવા પાત્ર થશે.

(બ) વ્યવસાય માટે - કરિયાણાની દુકાન, મેડીકલ સ્ટોર, બુક સ્ટોર, રેડીમેડ ગારમેન્ટસ જેવા કોઈ પણ સ્વરોજગારલક્ષી વ્યવસાય માટે વધુમાં વધુ નક્કી કરેલ યુનિટ કોસ્ટ અથવા ખરેખર થયેલ ખર્ચ તે પૈકી જે ઓછું હોય તે લોન પેટે મળવા પાત્ર થશે.

૮ (અ) અને ૮ (બ) યોજના માટે લોનના વ્યાજ પુરુષ લાભાર્થી માટે દર ૫ ટકા જ્યારે મહિલા લાભાર્થી માટે ૪ ટકા વ્યાજનો દર રહેશે.

(ક) બેંક ધિરાણ સામ વ્યાજ સહાય

ટ્રાન્સપોર્ટ, ટ્રાવેલર્સ, લોજીસ્ટીક, ફુડકોર્ટ વગેરે વ્યવસાય માટે વાહન જરૂરી સ્ટ્રક્ચર સાથે મેળવવા બેકમાંથી રૂ. ૬.૦૦ લાખ સુધીની લીધેલ લોન પર ૫ ટકા વ્યાજ સહાય મળવા પાત્ર થશે.

(ડ) તબીબ, સ્નાતક, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે બેંક ધિરાણ સામે વ્યાજ સહાય

તબીબ, વકીલ, ટેકનીકલ સ્નાતક થયેલ લાભાર્થીને પોતાનું કલીનીક / લેબોરેટરી / રેડીયોલોજી કલીનીક કે ઓફિસ ખોલવા માટે બેંક પાસેથી લીધેલ રૂ. ૧૦ લાખ સુધીની લોન પર ૫ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

**જનરલ બાબતો**

૧. તમામ યોજનાઓ માટે બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર જરૂરી છે.

૨. શૈક્ષણિક લોનના કિસ્સામાં સંબંધિત કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત હોય તેવા અભ્યાસક્રમ માટે લોન મળતા પાત્ર થશે.

૩. તમામ પ્રકારની લોન માટે આવક મર્યાદા વાર્ષિક રૂ. ૬.૦૦ લાખ સુધી જ્યારે અન્ય તમામ સહાય યોજનાઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪.૫૦ લાખ સુધીની છે.

૪. ક્રમ ૫ અને ૬ના કોચીંગ માટે ધોરણ ૧૦માં ૭૦ ટકા કે તેથી વધારે જ્યારે ક્રમ નં.-૧, ૨, ૩ અને ૭ના કિસ્સામાં ધોરણ-૧૨માં ૬૦ ટકા કે તેથી વધારે માર્કસ જરૂરી છે.

૫. સ્વરોજગારલક્ષી યોજનાઓ માટે વય મર્યાદા ૧૮ થી ૫૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ.

૬. વાહન વ્યવસાય માટે નિયમોનુસાર જરૂરી હોય તેવું રજીસ્ટ્રેશન હોવું જોઈએ તથા જરૂરી પાકુ ડ્રાઈવીંગ લાયસન્સ અને એક વર્ષનો અનુભવ જરૂરી છે.

૭. મેળવેલ વાહન નિગમ તરફે ગીરો (હાઈપોથીકેશન) કરવાનું રહેશે.

૮. નાના વ્યવસાય માટે લોન મેળવ્યાના ત્રણ માસમાં વ્યવસાય શરૂ કરવાનો રહેશે.

**લોનની પરત ચુકવણી**

(૧) રૂ. ૫.૦૦ લાખ સુધીની શૈક્ષણિક લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ ૫ વર્ષના સરખા માસિક હપ્તામાં અને રૂ. ૫ લાખ ઉપરનો લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ ૦૬ વર્ષના સરખા માસિક હપ્તામાં વસુલ કરવામાં આવશે જેમાં વ્યાજની પ્રથમ વસુલાત કરવામાં આવશે.

(૨) વાહન મેળવ્યાના ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા ૬૦ માસિક હપ્તામાં લોન વસુલ કરવામાં આવશે.

(૩) નાના વ્યવસાય શરૂ કર્યા બાદ ત્રણ માસ પછી પાંચ વર્ષના સરખા ૬૦ માસિક હપ્તામાં લોન વસુલ કરવામાં આવશે.

**જીલ્લા કક્ષાએ વધુ માહિતી માટે સંપર્ક**

– લોન યોજના માટે – જિલ્લા મેનેજરશ્રી (અનુ. જાતિ)ની કચેરી

– સહાય યોજના માટે – જિલ્લા નાયબ નિયામકશ્રી / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસિત જાતિ કલ્યાણ)ની કચેરી

વધુ માહિતી માટે

નિગમની વેબસાઈટ www.gueedc.gujarat.gov.in બિન અનામત વર્ગોનું પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારીઓ

(૧) કલેક્ટર /મદદનીશ કલેક્ટર/નાયબ કલેક્ટર

(૨) જિલ્લા વિકાસ અધિકારી / નાયબ જિલ્લા વિકાસ અધિકારી

(૩) મામલતદાર

(૪) તાલુકા વિકાસ અધિકારી

(૫) જિલ્લા નાયબ નિયામક (વિ.જા) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)

---

## અગત્યની જાણકારી

મુખ્યમંત્રી ફંડમાંથી (૧) કિડની (૨) હૃદય (૩) લીવર અને (૪) કેન્સર જેવી જીવલેણ બીમારીની સારવાર માટે ખર્ચ આપવામાં આવે છે. ઘણા લોકોને આ યોજનાની માહિતીના અભાવે મોંઘી સારવાર માટે જીવનભરની પૂંજી દવાખાનામાં જતી રહે છે તેમજ ગરીબ લોકો આવી ગંભીર બીમારીમાં સારવારના અભાવે પોતાના પરિવારના સભ્યને ગુમાવે છે. દરેક લોકોને આ સહાયથી માહિતગાર કરવા માટે અહીં સહાયની સંપૂર્ણ માહિતી તેમજ સહાયનું ફોર્મ આ સાઈટ https://bit.ly/3LWkBkK માં આપેલ છે.

## બહુ ગુણકારી - પપૈયાના પાંદડાની ચા

કોઈપણ સ્ટેજ ઉપરના કેન્સરને માત્ર ૬૦ થી ૯૦ દિવસમાં કરી દેશે મૂળમાંથી દુર કરે છે.

**પપૈયાના પાંદડા**

3rd અને 4th સ્ટેજના કેન્સરને માત્ર ૩૫ થી ૯૦ દિવસમાં સારું કરી શકે છે. અત્યાર સુધી આપણે લોકોએ માત્ર પપૈયાના પાંદડાનો ખૂબ જ મર્યાદિત રીતે જ ઉપયોગ કર્યો હશે. (ખાસ કરીને પ્લેટલેસના ઓછા થવા ઉપર કે ચામડી સંબંધી કે કોઈ બીજા નાના મોટા પ્રયોગ માટે) પરંતુ અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ - તે ખરેખર તમને આશ્ચર્યચકિત કરી દેશે. તમે માત્ર પાંચ અઠવાડિયામાં કેન્સર જેવા ગંભીર રોગને મૂળમાંથી દુર કરી શકો છો. તે કુદરતની શક્તિ છે અને શ્રી બલવીરસિંહ શેખાવતજીનો અભ્યાસ છે.

જે વર્તમાનમાં as a Govt.Pharmacist પોતાની સેવાઓ રાજસ્થાનના સીકર જીલ્લામાં આપી રહ્યા છે. ઘણી બધી જાણકારી ઘણા પ્રકારની વૈજ્ઞાનિક શોધોથી મળી કે -

પપૈયાના દરેક ભાગ જેમ કે ફળ, થડ, બીજ, પાંદડા, મૂળ બધાની અંદર કેન્સરની કોશિકાઓનો નાશ કરવાની અને તેની વૃદ્ધિને અટકાવવાની શક્તિશાળી દવા મળી આવે છે. ખાસ કરીને

પપૈયાના પાંદડાની અંદર કેન્સરની કોશિકાઓને નાશ કરવાની અને તેની વૃદ્ધિ અટકાવવાના ગુણ વધુ પ્રમાણમાં મળી આવે છે.

તો આવો જાણીએ

University of Florida (2010) અને International doctors and researchers form US and Japan માં થયેલ શોધ થી જાણવા મળ્યું છે કે -

પપૈયાના પાંદડામાં કેન્સરની કોશિકાઓનો નાશ કરવાની દવા મળી આવે છે.

Mr. Nam Dang - MD, Ph.D જેઓ એક શોધક છે,

તેમના મુજબ - પપૈયાના પાંદડા સીધા કેન્સરને દુર કરી શકે છે,

તેમના મુજબ - પપૈયાના પાંદડા લગભગ ૧૦ પ્રકારના કેન્સરનો નાશ કરી શકે છે.

જેમાં મુખ્ય છે - Breast Cancer, Lung Cancer, Liver Cancer, Pancreatic Cancer, Cervix Cancer તેમાં જેટલું વધુ પ્રમાણ પપૈયાના પાંદડાનું વધારવામાં આવે છે. તેટલું જ સારું પરિણામ મળે છે. પપૈયાના પાંદડા કેન્સરને દુર કરી શકે છે. અને કેન્સરના વિકાસને જરૂર રોકી દે છે.

તો આવો જાણીએ -

પપૈયાના પાંદડા કેન્સરને કેવી રીતે દુર કરે છે ?

(૧) પપૈયું કેન્સર વિરોધી અણુ TH1 Cytoknes ના ઉત્પાદનને વધારે છે. જે ઈમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારક)ને શક્તિ પ્રદાન કરે છે જેનાથી કેન્સર કોશીકોનો નાશ કરવામાં આવે છે

(૨) પપૈયાનાં પાંદડામાંનું PAPAIN SALT (મીઠું) એ પ્રોટીનને તોડવા (Proteolytic) વાળા એન્જાઈમ્સ મળી આવે છે, જે કેન્સર કોશિકાઓ ઉપર રહેલા પ્રોટીનના આવરણને તોડી નાખે છે. જેનાથી કેન્સર કોશિકાઓને શરીરમાં બચવાનું મુશ્કેલ થઈ જાય છે.

આમ પપૈયાના પાંદડાની ચા - દર્દીના લોહીમાં ભળી જઈને macrophages ને ઉત્તેજિત કરે છે. Immune System (રોગપ્રતિકારક શક્તિ)ને ઉત્તેજિત કરીને કેન્સર કોશિકાનો નશ કરવાનું શરૂ કરે છે.

Chemotherapy / Radiotherapy અને પપૈયાના પાંદડા દ્વારા સારવારમાં મુખ્યત્વે ફરક છે કે Chemotherapy માં Immune System ને દબાવવામાં આવે છે.

જ્યારે પપૈયાના પાંદડા - Immune System (રોગપ્રતિકારક શક્તિ)ને ઉત્તેજિત કરે છે.

Chemotherapy અને Radiotherapy માં સામાન્ય કોશિકા પણ પ્રભાવિત થાય છે.

પયૈયા ફક્ત કેન્સરની કોશીકાઓનો જ નાશ કરે છે. સૌથી મોટી વાત કે - કેન્સરના ઈલાજમાં પપૈયા પાંદડાઓની કોઈ આડ અસર પણ નથી.

કેન્સરમાં પપૈયાના સેવનની વિધિ

કેન્સરમાં સૌથી ઉત્તમ પપૈયાની ચા - દિવસમાં ૩ થી ૪ વખત પપૈયાની ચા બનાવો તે તમારા માટે ખૂબ ફાયદાકરક રહે છે.

હવે આવો જાણી લઈએ - પપૈયાની ચા બનાવવાની રીત - (૧) ૫ થી ૭ પપૈયાના પાંદડાને પહેલા તડકામાં સારી રીતે સુકવી લો. પછી તેને નાના ટુકડામાં તોડી લો. તમે ૫૦૦ મી.લી. પાણામાં થોડા પપૈયાના સુકાયેલા પાંદડા નાખીને સારી રીતે ઉકાળો એટલા ઉકાળો કે - તે અડધા રહી જાય. તેને તમે ૧૨૫ મી.લી. કરીને દિવસમાં ૨ વખત પીવો અને જો વધુ બનાવ્યા તો તેને તમે દિવસમાં ૩ થી ૪ વખત પીવો.

બીજું વધેલું પ્રવાહીને ફ્રીજમાં રાખી દો જરૂર પડે ત્યારે ઉપયોગ કરો. ધ્યાન રાખશો કે તેને બીજી વખત ગરમ ન કરશો.

(૨) પપૈયાના ૭ તાજા પાંદડા લો, તેની સારી રીતે હાથથી મસળી લો. હવે તેને ૧ લીટર પાણીમાં નાખીને ઉકાળો. જ્યારે તેને ૨૫૦ મી.લી. વધે એટલે તેને ગાળીને ૧૨૫ મી.લી. કરીને ૨ વખતમાં એટલે કે સવાર-સાંજ પી લો.

આ પ્રયોગ તમે દિવસમાં ૩ થી ૪ વખત પણ કરી શકો છો.

પયૈયાના પાંદડાનો જેટલો વધુ ઉપયોગ તમે કરશો એટલો જ જલ્દી તમને ફાયદો મળશે.

નોંધ -

આ ચા પીવાના અડધા થી એક કલાક સુધી તમારે કંઈ જ ખાવા પીવાનું નથી.

ક્યાં સુધી કરવો આ પ્રયોગ ?

આમ તો પ્રયોગ તમને ૫ અઠવાડિયામાં પોતાનું પરિણામ દેખાડી આપશે છતાં અમે તમને ૩ મહિના સુધી ઉપયોગ કરવાનો આગ્રહ કરીએ છીએ અને આ જે લોકોએ અનુભૂતિ કરી છે. તે લોકોએ તે લોકોને પણ સારું કર્યું છે. જેમના કેન્સરમાં ત્રીજો કે ચોથો સ્ટેજ હતો.

## અવશ્ય વાંચજો, બહુ જ સમજવા જેવું છે.

### પુરુષ : સાત રંગોનું મેઘધનુષ

એક સ્ત્રી માટે પુરૂષ શું હોઇ શકે?

